HGH INDIA 2018 SM
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
JULY 3-5, 2018 MUMBAI, INDIA
NEWS 2
A TEXZONE Event
Where business feels at home!

# તમારા વ્યવસાય માટે ત્યાં હાજર રહો

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં અગ્રણી ભારતીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ તથા ઉત્પાદકો દ્વારા કેટલીક નવીનતાઓ અને ઉત્પાદન લોંચ જોવા મળશે. તેઓ ૨૦૧૮-૧૯ માટે આગામી વ્યાવસાયિક સિઝન માટે રિટેલર્સ અને ટ્રેડ માટે તેમની નવી વિવિધ ટ્રેડ સ્કીમ પણ લોંચ કરશે.

ભારતમાં પ્રવેશ કરવા ઇચ્છતાં વિવિધ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ અને ઉત્પાદકો કૂકવેર, કિચનવેર, કિચન અપ્લાયન્સિસ, સ્ટોરેજ, જનરલ હાઉસવેર, ડેકોરેટિવ એક્સેસરીઝ, વોલપેપર, બેડ લિનન, ટોવેલ્સ અને બાથ લિનન, ફર્નિશિંગ ફેબ્રિક્સ, ડેકોરેટિવ મેડ-અપ્સ, ફ્લોર કવરિંગ વગેરે જેવી કેટેગરીમાં વિતરકો, આયાતકારો અને બિઝનેસ પાર્ટનર્સ માટે નજર દોડાવશે. એચજીએચ ઇન્ડિયા ભારતીય બજાર પર કેન્દ્રિત આંતરરાષ્ટ્રીય વ્યાવસાયિક ભાગીદારીઓમાં રોકાણ કરવા ઇચ્છતાં ઉદ્યોગસાહસિકો માટે વિશિષ્ટ તક




પૂરી પાડશે.

ઘણાં ભારતીય ઉત્પાદકો અને નિકાસકારો પોતાની બ્રાન્ડ અને પ્રાઇવેટ લેબલ ઉત્પાદન સુવિધાઓ સાથે સ્થાનિક બજારમાં પ્રવેશ કરશે. આ ટ્રેડ શોમાં સંગઠિત રિટેલર્સ, સ્પેશિયાલ્ટી રિટેલ ચેઇન અને આયાતકારો ભારત તેમજ તુર્કી, ચીન, થાઇલેન્ડ, હોંગકોંગ, કોરિયા, તાઇવાન, બાંગ્લાદેશ, શ્રીલંકા વગેરે જેવા અન્ય દેશોમાંથી લાંબા ગાળાનાં સોર્સિંગ પાર્ટનર્સ શોધી શકે છે.

સ્પેસીસ, બોમ્બે ડાઇંગ, ટ્રાઇડેન્ટ, બુટિક લિવિંગ, અન્ના સિમોના જેવી સુસ્થાપિત બ્રાન્ડ બેડ શીટ અને બેડ સેટ તેમજ ટોવેલ્સ અને બાથ લિનનમાં તેમની નવી રેન્જ લોંચ કરશે. ઉપરાંત સ્પેસીસ કાર્પેટ અને ફ્લોર કવરિંગમાં નવી ડિઝાઇનો પ્રસ્તુત કરશે.

ડિસિટેક્સ, જીએમ ફેબ્રિક્સ, એફ એન્ડ એફ, રુમર્સ, કેસી ફેબ્રિક્સ, દેવા ટેક્સટાઇલ્સ, યુનિવર્સલ ટેક્સટાઇલ મિલ્સ, વી એન્ડ જે, જયદુર્ગા, જેમ કલેક્શન્સ, નુહોમ જેવી ફર્નિશિંગ ફેબ્રિક્સમાં લીડર અપહોલ્સ્ટેરી, કર્ટન્સ, શીઅર્સ અને ડેકોરેટિવ ફર્નિશિંગમાં નવી ડિઝાઇનો પ્રસ્તુત કરશે તેમજ તેમનો લેટેસ્ટ કેટાલોગ પણ લોંચ કરશે.

મુલાકાતીઓ અગ્રણી આંતરરાષ્ટ્રીય વિવિધ બ્રાન્ડ અને ભારતીય બજારમાં લીડર્સ પાસેથી મેટ્રેસેસ, ટેબલ અને કિચન લિનન, વોલ પેપર્સ, બ્લાઇન્ડ્સ અને વિન્ડો ડ્રેસિંગ્સ, હોમ ડેકોર એક્સેસરીઝ, ફ્રેગ્રન્સીસ તથા સ્પા ઉત્પાદનો, હેન્ડિક્રાફ્ટ, આર્ટિફેક્ટ્સ, ગિફ્ટ, કૂકવેર, ટેબલવેર, કિચનવેર, કિચન અપ્લાયન્સિસ, સ્ટોરેજ અને જનરલ હાઉસવેર પાસેથી નવીનતા પણ જોવા મળશે.

હાલનાં ગળાકાપ સ્પર્ધાત્મક વાતાવરણમાં એચજીએચ ઇન્ડિયા પોતાની ચીજવસ્તુઓની રેન્જનું વિસ્તરણ કરવા રિટેલર્સ માટે અસરકારક ટ્રેન્ડ માહિતી અને સોર્સિંગ પ્લેટફોર્મ છે.

# હોમ ટેક્સટાઇલ ફરી અગ્રણી

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮ સાતમા વર્ષ માટે ફરી એક વખત રાષ્ટ્રીય સ્તરે ભારતીય ઉપભોક્તાઓની તેમનાં ઘરને સજાવવા અને ટેક્સટાઇલ ઉત્પાદનો સાથે તેમની કામગીરી કરવાની સમજણ પ્રતિબિંબિત કરશે.

ભારત પોતાનાં ઉચ્ચ-ગુણવત્તાયુક્ત, રચનાત્મક અને નવીન હોમ ટેક્સટાઇલ્સ તથા ફર્નિશિંગ ફેબ્રિક્સ માટે વિશ્વસ્તરે પ્રસિદ્ધ છે. અત્યારે ઘણાં ભારતીય ઉત્પાદકો અને નિકાસકારો વૈશ્વિક અગ્રણીઓમાં સામેલ છે તથા વિશ્વની ટોચની વિવિધ બ્રાન્ડ અને રિટેલર્સ સાથે જોડાયેલ છે. તેમાં વેલસ્પન, ટ્રાઇડન્ટ, ઇન્ડો કાઉન્ટ, બોમ્બે ડાઇંગ, ટેક્સટ્રેડ, માસ્પર, ડિસિટેક્સ, જીએમ ફેબ્રિક્સ, શબરી ઇન્ટરનેશનલ, ગુપ્તા ટેક્સટાઇલ્સ, જયનિતા, જિંદાલ એન્ડ સુપ્રિન્ટ એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં હાજર રહેશે અને ભારતીય ઉપભોક્તાઓને વૈશ્વિક કક્ષાની ગુણવત્તા અને નવીનતા ઓફર




કરશે. મુંબઈ, દિલ્હી, લુધિયાણા, પાણિપત, જયપુર, અમદાવાદ, સુરત, બેંગલુરુ, કન્નૂર અને કોઇમ્બતૂરમાંથી અગ્રણી નિકાસકારો ભારતીય બજાર માટે ખાસ બનાવેલી તેમની રેન્જ પ્રદર્શિત કરશે.

હોમ ટેક્સટાઇલ્સ અને ફર્નિશિંગ ફેબ્રિક્સ ભારતનાં હોમ પ્રોડક્ટ્સ બજારમાં સૌથી વધુ વેચાણ ધરાવતી કેટેગરી તરીકે તેનું સ્થાન જાળવી રાખશે. ૧૫થી ૨૦ ટકાનાં સીએજીઆરની ઉપભોક્તા વૃદ્ધિ સાથે તેઓ વર્તમાન અને નવા રિટેલર્સ માટે વધુને વધુ તકોનું સર્જન કરે છે. દર વર્ષે સમગ્ર ભારતમાં સેંકડો નવાં હોમ ટેક્સટાઇલ સ્ટોર્સ આવી રહ્યાં છે. મુંબઈ, દિલ્હી, કોલકાતા, બેંગાલુરુ, હૈદરાબાદ અને અમદાવાદ જેવા શહેરોમાં જગદીશ સ્ટોર્સ, ભારત ફર્નિશિંગ્સ, સ્કિપર, દર્પણ, પ્રાઇડ જેવા ઘણાં સ્પેશ્યાલ્ટી સ્ટોર્સ પથી ૨૦ સ્ટોર સાથે ઝડપથી રાષ્ટ્રીય ચેઇન બની રહ્યાં છે.

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં એક વખત ફરી બેડ શીટ, બેડ કવર્સ, ડેકોરેટિવ બેડિંગ્સ, ટોવેલ્સ, બાથ લિનન અને બાથ એક્સેસરીઝ, ફર્નિશિંગ ફેબ્રિક્સ, પોતાની એક્સેસરીઝ સાથે કર્ટન્સ અને બ્લાઇન્ડ્સ, ડેકોરેટિવ મેડ-અપ્સ, મેટ્રેસેસ અને પિલો, રગ્સ તથા કાર્પેટ્સ, બાથ મેટ્સ, ટેબલ અને કિચન લિનન તથા કોઈર અને જ્યુટનાં ઉત્પાદનો દ્વારા માટે અગ્રણી બ્રાન્ડ દ્વારા આધુનિક પ્રોડક્ટમાં ઉત્પાદન નવીનતા જોવા મળશે.

# લાવે છે નિરીક્ષણ હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સનું

## બેડ અને બાથ લિનન

ભારતમાં હોમ ટેક્સટાઇલનાં કુલ વેચાણમાં ૫૦ ટકાથી વધારે હિસ્સો બેડ અને બાથનો છે, જે ફરી સૌથી મોટી કેટેગરી બનશે. બોમ્બે ડાઇંગ, સ્પેસીસ (વેલસ્પન), ટ્રાઇડન્ટ, બુટિક લિવિંગ (ઇન્ડો કાઉન્ટ), માર્ક-હોમ, મસ્પર, અન્ના સિમોના (ટેક્સટ્રેડ), સસૂન, ફ્લોરિડા ડીસીટેક્સ (ડિસિટેક્સ), બેલા કાસા, બિયાન્કા, સ્કિપર તેમનાં નવા કલેક્શન પ્રસ્તુત કરશે. મુલાકાતીઓ પ્રિન્ટ, ડોબી, જેકક્વાર્ડ, સાટીન, સોલિડ, યાર્ન ડાઇ, એમ્બ્રોઇડરી, બેડ શીટમાં ક્વિલ્ટ અને એપ્લિક્યુડ, બેટ સેટ,


Trident


Trident

બેડ કવર્સ, ક્વિલ્ટ, બ્લેન્કેટ, ટોવેલ્સ, બાથ રોબ, બાથ મેટ અને બાથ એક્સેસરીઝમાંથી મોટી રેન્જમાં પસંદગીની તક મળશે.

પાણીપતની સારી ડિઝાઇન, ઉચ્ચ ગુણવત્તાયુક્ત બાથ મેટ અને બાથ એક્સેસરીઝમાં પરંપરાગત ક્ષમતાઓ એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં જોવા મળશે. આ નિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સુસ્થાપિત શહેરમાંથી ગાબા હોમટેક્સ, ટેક્સ-એન-ક્રાફ્ટ, બેસ્ટ હોમ, રિવેરા ટેક્સટાઇલ્સ, એલીગન્ટ વેવર્સ અને સરલ હોમ જેવાં અગ્રણી ઉત્પાદકો બાથ મેટ, બાથ રગ્સ અને બાથ એક્સેસરીઝ તેમની વિશિષ્ટ રેન્જ પ્રસ્તુત કરશે.

ઉચ્ચ ગુણવત્તાયુક્ત નવી બ્રાન્ડ બોનહેર (કૃષ્ના કોટેક્સ) કિડ્સ પ્રિન્ટેડ અને વૂવન ટોવેલ્સની રસપ્રદ રેન્જ લોંચ કરશે. અમદાવાદનાં પ્રસિદ્ધ નિકાસકાર નંદન ટેરી ટોવેલ્સની વિસ્તૃત રેન્જ સાથે સ્થાનિક બજારમાં પ્રવેશ કરશે. હૈદરાબાદનાં ઉત્પાદક વિજય ટેક્સટાઇલ્સ પણ પ્રથમ વાર બેડ લિનન અને ફર્નિશિંગ ફેબ્રિક્સની રેન્જ પ્રસ્તુત કરશે.

જયપુરનાં વૈભવ, ગોપાલાસ, સુખસાગર, વેસ્ટહોમ્સ, બેલા કાસા જેવા કેટલાંક પ્રદર્શકો ડેકોરેટિવ, હેન્ડક્રાફ્ટેડ, બ્લોક પ્રિન્ટેડ અને એથનિક સ્ટાઇલ બેડ લિનન અને ડેકોરેટિવ બેડિંગ્સ ઓફર કરશે. અમદાવાદ, મુંબઈ, દિલ્હી, જયપુર, પાણીપત, કોઇમ્બતૂર, કન્નૂર અને કરુરમાંથી અન્ય ઘણાં જાણીતા વોલ્યુમ ઉત્પાદકો બેડિંગ્સ, બાથ લિનન, કુશન કવર્સ અને મેડ-અપ્સની વિવિધતા પણ પ્રસ્તુત કરશે.

## મેટ્રેસીસ અને પિલો

જેમ ભારતમાં ઉપભોક્તાઓ સ્વાસ્થ્ય પ્રત્યે વધારે સભાન થઈ રહ્યાં છે અને તેમની પરવડક્ષમતા વધી રહી છે, તેમ અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનેલા મેટ્રેસેસ અને પિલોસ્‌માં બજાર વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યાં છે. અત્યારે ભારતમાં તૈયાર મેટ્રેસેસનું બજાર દર વર્ષે ૧૦૦ ટકાનાં દરે વધી રહ્યું છે. ઝડપથી ટેકનોલોજી અને સામગ્રી સંચાલિત નવીનતા એમ બંને દ્રષ્ટિએ આ કેટેગરીમાં નવી પ્રોડક્ટ લોંચ થવી સતત પ્રક્રિયા છે.

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં સેન્ચુરી, પેપ્સ, સ્પ્રિંગફિટ, એક્લિપ્સ, રિફ્રેશ, હશ, મજેન્ટા, ફેધર લાઇટ, લિવાન્ટો,


Peps

સ્લીપમેક્સ અને મેમોઇર જેવી અગ્રણી બ્રાન્ડ કોઈર, સ્પ્રિંગ, મેમરી ફોમ અને રબર ફોમ મેટ્રેસેસ, પિલો અને મેટ્રેસેસ પ્રોટેક્ટર્સની તેમની રેન્જ રજૂ કરશે. તેમાંથી કેટલીક બ્રાન્ડ પ્રત્યક્ષ રીતે કે તેમનાં આંતરરાષ્ટ્રીય પાર્ટનર્સ મારફતે લેટેસ્ટ સ્લીપ ટેકનોલોજી પ્રોડક્ટ્સની રેન્જ રજૂ કરે એવી શક્યતા છે.

રિટેલર્સને વિવિધ પ્રકારનાં મેટ્રેસીસ વચ્ચે ગુણવત્તાનો ફરક સમજવા અને તેને અનુભવવાની તક મળશે. જો આ મેટ્રેસીસ એકસમાન બ્રાન્ડમાંથી આવતી હોય તો પણ, કિંમત અને પ્રોડક્ટની ખાસિયતો વચ્ચે ફરક હોવાથી તેઓ યોગ્ય પ્રોડક્ટ સોર્સ પણ કરી શકે છે.

## ફર્નિશિંગ ફેબ્રિક્સ

નવા ઘરોની સંખ્યામાં વધારા સાથે ડેકોરેટિવ ફર્નિશિંગ, અપહોલ્સ્ટેરી અને કર્ટન્સ ફેબ્રિક્સ માટેની માગ સમગ્ર દેશમાં વધી રહી છે. તેનાં પરિણામે બજારમાં ઉત્પાદન, માર્કેટિંગ અને આ ઉત્પાદનોનાં રિટેલિંગમાં ઘણી નવી કંપનીઓએ પ્રવેશ કર્યો છે.

હંમેશની જેમ જીએમ ફેબ્રિક્સ, ડિસિટેક્સ, એફ એન્ડ એફ, રુમર્સ, વી એન્ડ જે, કે. સી. ફેબ્રિક્સ, સ્કિપર, વનેલી, દેવા ટેક્સટાઇલ્સ, જયદુર્ગા ડેકોર અને શાહ દીપચંદ જેવાં બજારમાં અગ્રણી સુસ્થાપિત કંપનીઓ એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં તેમની નવી રેન્જ અને ટ્રેડ સ્કીમ્સ લોંચ કરીને આ


Rumors

સેગમેન્ટમાં કામગીરી તરફ દોરી જશે.

વાયા હોમ (બેંગાલુરુ), વી-લેડ્સ, ઇન્ડિગો (સુરત), જેમ કલેક્શન્સ, રિલાયેબલ ડ્રેપ્સ, સ્ટાઇલ્લા, પ્રાચી હેન્ડલૂમ, સુપર વૂલન (તમામ પાણીપતની), વિજય ટેક્સટાઇલ્સ (હૈદરાબાદ), એફઇ હોમ, જીએમ મિલ્સ, એમ કે ફેબ્રિક્સ, નુહોમ, મુરારકા ક્રીએશન્સ, ડ્રેપ સ્ટોરી (તમામ મુંબઈ), આર્ટેક્સ, ક્લાસિક લેમિટેક્સ (દિલ્હી) અને અનામિકા ફેબ્સ (સોનેપત) કર્ટન્સ, અપહોલ્સ્ટેરી, કૃત્રિમ ચામડું, શીઅર્સ અને ડેકોરેટિવ ફર્નિશિંગ ફેબ્રિક્સ તેમજ મેડ-અપ્સની વિસ્તૃત રેન્જ પણ જોવા મળશે.

આઇએફઆઇ (ગ્રીસ), અયાદિન (તુર્કી), કેસામન્સ (ફ્રાંસ), ડિઝાઇનર્સ ગિલ્ડ (યુકે), ઝિમર અ રોહડે (જર્મની), ઓમેક્સકો (બેલ્જિયમ) જેવી પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ ફરી એક વખત સીધી રીતે કે તેમનાં ભારતીય પાર્ટનર્સ મારફતે તેમની લેટેસ્ટ આંતરરાષ્ટ્રીય નવીનતા પ્રસ્તુત કરશે.

## ડેકોરેટિવ અને ઉપયોગી ચીજવસ્તુઓ

ભારતીય બજારમાં હોમ ટેક્સટાઇલ્સમાં કુશન કવર, ડેકોરેટિવ કર્ટન્સ, બેડ કવર્સ, ક્વીલ્ટ્સ, બોલસ્ટર, ટેબલ લિનન અને કિચન લિનન જેવા સુશોભન અને ઉપયોગી ચીજવસ્તુઓ મહત્ત્વપૂર્ણ હિસ્સો ધરાવે છે. છેલ્લાં થોડાં


Anna Simona

વર્ષોમાં સારી ડિઝાઇન ધરાવતી અને મૂલ્ય-સંવર્ધિત ચીજવસ્તુઓ માટેની માગમાં વધારો થયો છે, જેણે હાઈ-એન્ડ બ્રાન્ડ અને ડિઝાઇનર માટે તકો ખોલી છે.

આ તકોને સમજીને દુનિયાભરનાં બજારોમાં સુસ્થાપિત ભારતીય નિકાસકારો ભારતીય સ્થાનિક બજારમાં પ્રવેશ કરવા માટે એચજીએચ ઇન્ડિયાનો પ્લેટફોર્મ તરીકે ઉપયોગ કરે છે. મસ્પર, અન્ના સિમોના, શાબરી ઇન્ટરનેશનલ,

# એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮: મેળવો ૫૫૦ બ્રાન્ડ્સ અને ઉત્પાદનોમાંથી

ટેક્સ-એન-ક્રાફ્ટ, બિયાન્કા, વૈભવ, વેસ્ટહોમ્સ, બેસ્ટ હોમ, એસઆરસી ક્રિએશન્સ, લશહોમ્સ, રશ્મિશ્રી અને આર્ટેજ જેવી બ્રાન્ડ ઉત્કૃષ્ટ ડિઝાઇન અને બનાવટની કુશળતા માટે પ્રસિદ્ધ છે, જે ભારતીય સ્થાનિક બજાર માટે તેમનું નવું કલેક્શન પ્રસ્તુત કરશે.

સ્કિપર, સંજોના, આલિધ્રા ટેકટેક્સ, આર્કે અને આર્નવ જેવાં એક્સક્લૂઝિવ સ્થાનિક કંપનીઓ પણ પોતાનું નવું કલેક્શન પ્રદર્શિત કરશે.

ડેકો વિન્ડો ડેકોરેટિવ કર્ટન્સ, કુશન કવર, બેડિંગ્સ, શાવર કર્ટન્સ સાથે એક્સેસરીની, ટેસ્લ, કર્ટન્સ રોડની સંપૂર્ણ રેન્જ પ્રસ્તુત કરશે, જેથી સુશોભિત અને ઉપયોગી ચીજવસ્તુઓમાં વન-સ્ટોપ એન્ડ-ટૂ-એન્ડ સોલ્યુશન પ્રદાન કરશે.


Divine

## કાર્પેટ્સ અને ફ્લોરકવરિંગ્સ

ભારતીય ઉપભોક્તાઓ તેમનાં ફ્લોરને સજાવવામાં વધારે રસ લઈ રહ્યાં હોવાથી કાર્પેટ્સ અને ફ્લોરકવરિંગ્સ બજારમાં મહત્ત્વપૂર્ણ કેટેગરીઓ તરીકે બહાર આવી છે. પ્રીમિયમ હોમ ટેક્સટાઇલ અને હોમ ડેકોર રિટેલર્સ તેમનાં સ્ટોર્સમાં કાર્પેટ્સ અને રગ્સની વિસ્તૃત રેન્જ ધરાવે છે. તમામ મેટ્રો અને મિનિ-મેટ્રો શહેરોમાં સ્પેશ્યલાઇઝ કાર્પેટ સ્ટોર્સ પણ ઊભા થઈ રહ્યાં છે.

હાથવણાટ અને ગુચ્છાદાર કાર્પેટ્સ દરીસ, એરિયા રગ્સ, મશીનમાંથી બનેલ કાર્પેટ્સ, વૂડન ફ્લોરિંગ, વિનયલ ફ્લોરિંગ્સ, કૃત્રિમ ઘાસ, કાર્પેટ ટાઇલ્સ અને કૃત્રિમ કાર્પેટનાં અન્ય સ્વરૂપો અને ફ્લોર કવરિંગ્સની પ્રસિદ્ધ ઉત્પાદકો અને બ્રાન્ડ રિટેલર્સની પસંદગી માટે હોલ ૧ અને હોલ ૨માં વિવિધ પ્રકારનાં ઉત્પાદનો પ્રસ્તુત કરશે.

પોતાની વિશિષ્ટ ડિઝાઇનો અને સુંદર કારીગરી સાથે ઊન, રેશમ અને વિસ્કોસમાંથી બનેલા હાથવણાટ અને હાથથી ઝૂડીદાર રજાઈઓ સામાજિક અને સાંસ્કૃતિક રીતે અતિ કિંમતી છે. ભદોઈ, વારાણસી, જયપુર, પાણીપત અને આગ્રાની પ્રસિદ્ધ ઉચ્ચ ગુણવત્તાયુક્ત રજાઈઓ, ગાલીચા અને દરી સમજુ ગ્રાહકોને લક્ષ્યાંક બનાવે છે, જેને સરલ હોમ, હરિ ઓમ ડેકોર, ડિઝાઇન વ્યૂ, સરસ્વતી ગ્લોબલ, કાર્પેટ્સ બાય, આરકેએસ, હોમ ફ્લોર, જીએસઆર, ક્રાફ્ટેક્સ, આર્ટેજ અને અન્ય નિર્માતાઓ તેમની પ્રોડક્ટ્સ રજૂ કરશે.

ઓછાં ખર્ચ અને સરળ જાળવણીને કારણે મશીનમાંથી બનેલા રગ્સ અને કાર્પેટ્સ, કૃત્રિમ રેષાઓમાંથી બનેલી છે, જેની લોકપ્રિયતા ભારત અને દુનિયાભરમાં વધી રહી છે. સ્પેસીસ (વેલસ્પન), ડિવાઇન, સસૂન અને આરકેએસ એચજીએચ ઇન્ડિયામાં મશીનમાંથી બનેલ કાર્પેટ્સની લેટેસ્ટ રેન્જ લૉંચ કરશે.

ઇન્ડોર અને આઉટડોર સર્ફેસની વિવિધ ઇન્ટિરિઅર, બજેટ અને મેઇન્ટેનન્સને અનુકૂળ ફ્લોર કવરિંગમાં વૂડન ફ્લોરિંગ્સ અને સિન્થેટિક ફ્લોરિંગથી લઈને આર્ટિફિશિયલ ગ્રાસ અને કાર્પેટ ટાઇલ્સ સુધીનાં વિવિધ વિકલ્પો ઉપલબ્ધ થશે. હીગો, હેરિટેજ, ગ્રીન્સ, ગ્રીન ટર્ફ, સુપરગ્રાસ, ડેક અપ, ઓએસિસ ગ્રાસ, ઇન્ટિરિઅર્સ એન્ડ મોર, ક્રિસ્ટલ કોર્પોરેશન, માર્કોપોલો, મેટ્ઝવન, આહિક ઇમ્પોર્ટ એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં આ પ્રકારનાં ઘણાં વિકલ્પો પ્રદર્શિત કરશે.

કોઇર બોર્ડ કોઇર ડોર મેટ્સ અને એક્સેસરીઝનાં ઉત્પાદકો દ્વારા જૂથમાં સહભાગીદારી આયોજિત થઈ છે. નેશનલ જ્યુટ બોર્ડ તેનાં સભ્યો સાથે જ્યુટ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરશે તથા જ્યુટ અને જ્યુટમિશ્રિત કાર્પેટ્સ ફ્લોરિંગ્સ, બેગ્સ અને ડેકોરેટિવ એક્સેસરીઝ પ્રદર્શિત કરશે.

# બ્લાઇન્ડ્સ અને વિન્ડો ડેકોર


NBT

ગ્રાહકો એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં ૧૬ આંતરરાષ્ટ્રીય અને ભારતીય બ્રાન્ડ તથા ઉત્પાદકો પાસેથી વિવિધ પ્રકારનાં બ્લાઇન્ડ્સ અને વિન્ડો ડેકોર ખરીદી શકે છે. પ્રકાશ અને પ્રાઇવેસી જાળવવાની સાથે બ્લાઇન્ડ્સ અત્યારે ડેકોર અને ઇન્ટિરિઅર્સનું અભિન્ન અંગ બની રહ્યા છે.

ભારતમાં ઓટોમેશન અને ડિઝાઇનમાં નવીનતાઓએ બ્લાઇન્ડ્સ એન્ડ વિન્ડો ડેકોર કેટેગરીની વૃદ્ધિને વેગ આપ્યો છે. તેનાં પરિણામે ફોરેસ્ટ (નેધરલેન્ડ), તોસો (જાપાન), સ્પેસ કંપની લિમિટેડ (કોરિયા) અને દૂયા (ચીન) જેવી જાણીતી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સની માગમાં વધારો થયો છે. તેમાંથી મોટાં ભાગની બ્રાન્ડ્સ સુસ્થાપિત ભારતીય પાર્ટનર્સ ધરાવે છે અને ભારતીય બજારોનો નોંધપાત્ર અનુભવ મેળવ્યો છે. આ વિવિધ બ્રાન્ડ એચજીએચ ઇન્ડિયામાં લેટેસ્ટ આંતરરાષ્ટ્રીય રેન્જ અને વૈશ્વિક નવીનતાઓ પ્રસ્તુત કરશે.

લિવિન, ડેકો વિન્ડો, નોવા બ્લાઇન્ડ્સ, પ્લીટ્સ, કેપ ડેકોર, વ્યોમા એક્ઝિમ, વ્યોમા ડેકોર્સ, ઑસમ, આર્ટેક્સ ઓવરસીઝ, એસએસજી, ટચ બ્લાઇન્ડ્સ, કઝાગે, શેડ્સ જેવી સુસ્થાપિત ભારતીય કંપનીઓમાંથી ઘણી બ્લાઇન્ડ્સ માટે મેકેનિઝમ અને ઘટકોની આયાત કરે છે, જે વર્ટિકલ બ્લાઇન્ડ્સ, વેનેશિયન બ્લાઇન્ડ્સ, રોલર બ્લાઇન્ડ્સ અને રોમન બ્લાઇન્ડ્સની વિસ્તૃત રેન્જ પ્રસ્તુત કરશે. તેઓ બ્લાઇન્ડ્સ અને કર્ટન ડેકોરેશન એક્સેસરીઝ, ઓટોમેશન, ડ્રેપરી અને મેકેનિઝમમાં તેમની લેટેસ્ટ રેન્જ પણ પ્રદર્શિત કરશે.

## ડિઝાઈનમાં નવીનીકરણ અને કાર્યક્ષમતા એ અવિરત પ્રક્રિયા રહેશે

ડેકો વિન્ડો તેનું નવું ડેકોરેટિવ હાર્ડવેર કલેક્શન પ્રસ્તુત કરશે, જે ભારતીય બજારમાં પ્રથમ પ્રકારનું છે. ઉપરાંત બ્રાન્ડ રોલર બ્લાઇન્ડ્સ, રોમન બ્લાઇન્ડ્સ, કર્ટન્સ, ટાઇબેક્સ, કુશન્સ જેવી મુલાયમ ચીજવસ્તુઓ અને વિવિધ પ્રકારનાં વિન્ડો સોલ્યુશનની વિસ્તૃત રેન્જ પણ પૂરી પાડશે.

રશ્મિશ્રી કલેક્શન્સ અને રશ્મિશ્રી ક્રિએશન્સ કોર્ડ્સ એન્ડ ટૅસલ્સ, ફેન્સી બીડેડ કર્ટન્સ, ટાઈ હૂક્સ, કર્ટન બોર્ડર્સ પ્રદર્શિત કરશે. ડેકો વિન્ડો, કોહિનૂર, એસક્યુયુ અને એરોડિઝાઇન કર્ટન ફિનિયલ, બ્રેકેટ અને ટ્રેક્સ પ્રસ્તુત કરશે.

ભારતમાં બ્લાઇન્ડ્સ અને કર્ટન ઓટોમેશનમાં ઊંચી વૃદ્ધિ જોવા મળે છે. અહીં ડિઝાઇન અને કામગીરીમાં નવીનતા સતત ચાલતી પ્રક્રિયા છે. એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮ આ ટ્રેન્ડને પ્રતિબિંબિત કરે એવી શક્યતા છે.

**ટ્રેડ મુલાકાતીઓ**
**ઓનલાઇન નોંધણી કરો**
**૧૫ જૂન, ૨૦૧૮ સુધી**
**અને બચાવો ૧,૦૦૦/- પ્રવેશ ફી**

**નિ:શુલ્ક પ્રવેશ માટેના ચરણો**

૧. અમારી વેબસાઇટની મુલાકાત લો www.hghindia.com
૨. હોમ પેજ પર વિઝિટર રજિસ્ટ્રેશન પર ક્લિક કરો.
૩. ઓનલાઇન મુલાકાતી ફોર્મ પૂર્ણ કરો
૪. તમારો મુલાકાતી નોંધણી ક્રમાંક અને ક્યુઆર કોડ ઇ-મેલ અને એસએમએસ દ્વારા મેળવો, જે તમારા રજિસ્ટ્રેશનનો પુરાવો છે.
૫. નોંધણી ક્રમાંક અને ક્યુઆર કોડ તમારા મોબાઇલ અથવા પ્રિન્ટ સ્વરૂપમાં તમારી સાથે ટ્રેડ શોમાં લઈ આવો.
૬. એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮ના હૉલ ૧ અથવા હૉલ ૩ સ્થિત અગાઉ નોંધણી કરેલા મુલાકાતીઓના ટેબલ પર તમારો નોંધણી ક્રમાંક રજૂ કરો અથવા ક્યુઆર કોડ સ્કૅન કરો.

સહાય માટે મહેરબાની કરી સંપર્ક કરો
મુંબઈ: ટેલિફોન: ૯૧ (૨૨) ૨૪૨૫૧૪૧૧૧
દિલ્હી: ટેલિફોન: ૯૧(૧૧) ૨૫૭૧૪૧૧૧
અમર શર્મા મોબાઇલ: ૯૧ ૯૯૬૭૬૦૦૨૮૬
નિકેત સેક્સરિયા મોબાઇલ: ૯૧ ૯૯૩૦૧૭૨૯૭૩
ઇમેલ: visitors@hghindia.com
www.hghindia.com

**જુલાઈ ૩-૫, બોમ્બે એક્ઝિબિશન સેન્ટર, ગોરેગાંવ (પૂ), મુંબઈ**

# વલણ ૨૦૧૮/૧૯ ■ સ્ત્રોત ■ નવો વ્યવસાય ■ તકો

## ટ્રેન્ડ્ઝ ૨૦૧૮-૧૯

રંગો, ડિઝાઇન અને સામગ્રીની દ્રષ્ટિએ એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮ માટે સુસંશોધિત પ્રવાહોની ધારણા વ્યક્ત કરે છે. આ પ્રવાહો ખાસ કરીને ભારતીય બજાર માટે વિશેષ ડિઝાઇન #Transition ટાઇટલ અંતર્ગત પ્રસ્તુત છે. તેઓ હોલ નંબર ૧માં સારી ડિઝાઇન ધરાવતી ટ્રેન્ડબુક અને ટ્રેન્ડ્ઝ પેવેલિયન મારફતે પ્રસ્તુત કરશે. પ્રદર્શકો અને મુલાકાતીઓ એચજીએચ ઇન્ડિયામાં આગામી સિઝન માટે તેમનું નવું કલેક્શન ઊભું કરવામાં વિસ્તૃત ડિઝાઇન દિશાદર્શન કરશે.

વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટ્રેન્ડનાં થીમ ચાર ગ્રૂપમાં વિભાજીત છે - # સો ફંકી ઍટ હોમ, # સોફ્ટ શેડ્સ ઑફ નેચર, # કલેક્ટર્સ ચેમ્બર અને # સ્માર્ટ બોહીમિઅન્સ તેઓ તમામ કેટેગરીઓ હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટમાં લાગુ પડે છે.

આ પ્રવાહો ૨૦૧૮-૧૯માં હોમ પ્રોડક્ટ્સ બજાર પર સામાજિક, જીવનશૈલી અને ટેક્નોલોજીકલ પરિવર્તનોનું પ્રતિબિંબ છે તેમનાં ઉત્પાદનોમાં નવીનતા લાવવા અને મહત્વાકાંક્ષી ભારતીય ઉપભોક્તાઓને અપીલ કરવા ડિઝાઇન માટે ઉત્પાદકો, રિટેલર્સ અને પ્રોફેશનલ્સને આ ટ્રેન્ડ બુક ઉપયોગી બનશે. એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮ ટ્રેન્ડ્સ પેવેલિયનમાં વાસ્તવિક ઉત્પાદનોમાં #Transitiontrendsની ઉપયોગિતા જોવા મળશે.





સમય સતત વહેતો પ્રવાહ છે અને તેની સાથે પરિવર્તન કરવા તથા તાલમેળ જાળવવા સિવાય આપણી પાસે અન્ય કોઈ વિકલ્પ નથી ! આપણે સતત પરિવર્તનકારક સ્થિતિસંજોગોમાં જીવીએ છીએ. પરિવાર, સ્વસ્થ જીવનશૈલી અને સુખાકારી તથા મૂલ્ય સંચાલિત જીવન વ્યક્તિગત સંવેદનશીલતા સાથે જોડાયેલા મુખ્ય મુદ્દાઓ છે. સતત પ્રવાસ અને મોબાઇલ પર રહેવાથી ઘરે આવવું આનંદ સમાન છે : છેવટે દુનિયાનો છેડો તો ઘર જ કહેવાય છે ને. તમામ જાતિ અને ઉત્પાદનની કેટેગરીઓમાં ઉપભોક્તા સંબંધિત ચીજવસ્તુઓનાં એજન્ડામાં આપણે લાંબા સમયથી સુંદર જીવન અને સરળ સુવિધાઓ માટે સંતુલન, ગુણવત્તા અને સૂઝ જાળવીએ છીએ. ઇન્ટિરિઅર્સ આ પરિવર્તનમાં મહત્વપૂર્ણ બની ગયું છે અને આપણી આંતરિક સુંદરતાનું પ્રતિબિંબ છે.

ચાલુ વર્ષે અમે લિવિંગ સ્પેસને સજાવવા માટે ચાર સ્થિતિઓ પસંદ કરી છે, જે આપણાં સમયનાં સંવેદનશીલ મૂલ્યોનું પ્રતિબિંબ છે: વ્યક્તિગત ચીજવસ્તુઓનાં અભિગમ માટે પરંપરાગત આવેશ અને વેગ માટે ઉત્સાહ દર્શાવે છે.

અહીં તેઓ :# સો ફંકી ઍટ હોમ, # સોફ્ટ શેડ્સ ઑફ નેચર, # કલેક્ટર્સ ચેમ્બર અને # સ્માર્ટ બોહીમિઅન્સ છે.

HGH



સો ફંકી ઍટ હોમ: અતિ ગતિશીલ અને આશાવાદી અને ઉત્સાહી પ્રવાહ છે. આ પ્રવાહ જીવનને જોડવાનું કામ કરે છે. આપણી રીતે, આપણને પસંદ પડે એ રીતે કામ કરવાનો અભિગમ રોજગારી માટે સ્થળાંતર કરતાં યુવાનો ઉપયોગ કરે છે, જેથી લિવિંગ સ્પેસમાં તાજગી જળવાઈ રહે, જેમાં સાધનસામગ્રી અને તમામ પ્રકારની ડિઝાઇનોનો નવીન રીતે ઉપયોગ થાય છે. વોલપેપર્સ અને ટેક્સટાઇલ માટેની પ્રેરણા ઔદ્યોગિક સામગ્રી પર આધારિત છે: સ્તરો સહિત વિવિધ પ્રકારની અસરો સાથે મેશ અને ગ્રિડ માળખાને પ્રદર્શિત કરવામાં આવે છે. પ્રવર્તમાન પેટર્ન્સમાં વાઇલ્ડ સ્ટ્રિપ્સ, સ્કેચ્ડ ટેપ્સ, વેવી લાઇન્સ અને ઝિગઝેગ્સ, બોલ્ડ ટાઇપોગ્રાફી એલિમેન્ટ્સ અને કોમિક સ્ટ્રિપ ઇસ્થેટિક્સ સામેલ છે.

ભવિષ્ય શરૂ થાય છે રસ્તા પર

### # સો ફંકી ઍટ હોમ



# સોફ્ટ શેડ્સ ઑફ નેચર: તાજા અને સૂર્યોદયનાં પ્રકાશને અપનાવો, જે વૃક્ષનાં હાલતાં પાનોમાંથી પ્રકટ થાય છે, એટલે રૂમમાં ધીમે ધીમે પ્રકાશ પથરાય છે. આપણાં હૃદયને તમામ રંગો હળવા શેપ ઑફર કરે છે. સુંદરતા, તાજગી અને શાંતિ સાથે આંતરિક જગત સુંદર રીતે આપણી સમક્ષ ખુલે છે અને ધીમે ધીમે આવતી હવામારફતે પ્રકાશ પથરાય છે. પ્રાઇવેસી અને સ્પાનું વાતાવરણ - રોમેન્ટિકનાં સંકેત સાથે સુવિધાજનક અને અનુકૂળ વાતાવરણ આપણાં આંતરિક જગતની શુદ્ધ અભિવ્યક્તિ ઓફર કરે છે.

સુખદ સપના, લહેરાતી હરિયાળી

### # સોફ્ટ શેડ્સ ઑફ નેચર



# કલેક્ટર્સ ચેમ્બર: કલેક્ટર પ્રકારનાં અતિ પ્રાઇવેટ રૂમમાં પ્રવેશ કરવા અમ્બ્રા અને બ્રોન્ઝ શેડમાં મુલાકાતીને ડાર્ક રહસ્યમય અને વેલ્વેટી રંગો આવકારે છે. મહત્ત્વપૂર્ણ વ્યક્તિ માટે ઇન્ટિરિઅર સમૃદ્ધ અને સારાં જીવનની ઝાંખી કરાવે છે. કલેક્ટર્સ ચેમ્બર ડ્રામા અને વિષમતાનાં સંકેત સાથે ઇન્ટિરિઅર ડેકોરેશનની બૌદ્ધિક સમજણ પ્રદર્શિત કરે છે.

ગૌરવપ્રદ, પ્રમાણ વિશિષ્ટતાઓ

### # કલેક્ટર્સ ચેમ્બર



# સ્માર્ટ બોહીમિઅન્સ: તમે ખરાં અર્થમાં શાંતિ અને નિર્મળ વાતાવરણમાં પ્રવેશ કરો છો ! સ્કેન્ડિનેવિયન સ્ટાઇલની તાજગી કે સુવિધાજનક અને સ્માર્ટ જીવનશૈલી સાથે હેરિટેજ ચિકની રીતમાં વિશિષ્ટ સંદર્ભો - આનંદી અને આધુનિક પરિવાર માટે આદર્શ છે. પારિસ્થિતિક પ્રતિબદ્ધતા ઉપસ્થિત છે તેમજ કેઝ્યુઅલ ડેકોર આશ્ચર્યજનક સુમેળનો સંકેત આપે છે. હાથથી બનેલા ઉત્પાદનોની સુંદરતા પરિવાર માટે ઉપયોગી તમામ પ્રકારની ઉપભોક્તા ચીજવસ્તુઓ માટે લાગુ પડે છે ! માઇલેફ્લેર્સ પેટર્ન્સ સંપૂર્ણ સુવિધાજનક ઉદ્દેશો છે, જે રોજિંદા જીવનને આકર્ષક અને સુંદર બનાવવામાં પ્રદાન કરે છે.

તમારા જીવનની કથાયાત્રા

### # સ્માર્ટ બોહીમિઅન્સ

નોંધણી માટે: www.hghindia.com ■ ટેલિફોન મુંબઈ: +૯૧ ૨૨ ૨૪૨૧ ૪૧૧૧ ■ દિલ્હી: +૯૧ ૧૧ ૨૫૭૧ ૪૧૧૧ ■ ઇમેલ: visitors@hghindia.com